ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ-૨૦૭ અને ૨૦૯ મુજબ જિલ્લા અને તાલુકા પંચાયતોને મળતી સ્ટેમ્પ ડ્યુટીની ગ્રાન્ટ તથા ગુજરાત ગૌણ ખનિજ નિયમો-૧૯૬૬ હેઠળ જિલ્લા પંચાયત અને ગ્રામ પંચાયતને મળતી રેતી, કંકર, ગ્રેવલ અને અન્ય ગૌણ ખનિજ ઉપર મળતી રોયલ્ટી અને ડેડરેન્ટની આવકના અનુદાનમાંથી વિકાસના કામો કરવા અંગે માપદંડો નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક - પરચ/૧૦૨૦૧૬/૨૨૪/જ
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૫/૦૨/૨૦૧૮

**વંચાણે લીધા -**

(૧) પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૧૫/૯/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક – પરચ/૧૦૨૦૧૬/૨૨૪/જ.

(૨) કમિશ્નરશ્રી, ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજનો તા.૧૧/૧૦/૨૦૧૭નો પત્ર ક્રમાંક – સીજીએમ/હસબ/જીઆઇએ/૭(એ)/૨૦૧૭-૧૮/૧૦૨૩, ૧૦૨૪ના પત્રથી મળેલ દરખાસ્ત.

(૩) વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તા.૧/૨/૨૦૧૮નો પત્ર ક્રમાંક – વિક/પંચાયત/યુ.૩/વશી/૨૦૧૮.

**પ્રસ્તાવના -**

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ-૨૦૭ અને ૨૦૯ મુજબ જિલ્લા અને તાલુકા પંચાયતોને મળતી સ્ટેમ્પ ડ્યુટીની ગ્રાન્ટ તથા ગુજરાત ગૌણ ખનિજ નિયમો-૧૯૬૬ હેઠળ જિલ્લા પંચાયત અને ગ્રામ પંચાયતને મળતી રેતી, કંકર, ગ્રેવલ અને અન્ય ગૌણ ખનિજ ઉપર મળતી રોયલ્ટી અને ડેડરેન્ટની આવકના અનુદાનમાંથી વિકાસના કામો કરવા અંગે માપદંડો અને ધારા-ધોરણો ઉપર વંચાણે લીધા ક્રમાંક-(૧) પરના આ વિભાગના તા.૧૫/૦૯/૨૦૧૬ના ઠરાવથી નક્કી કરવામાં આવેલ છે. ઉક્ત ઠરાવના ફકરા ક્રમાંક - ૩ હેઠળ રેતી, કંકર અને ગ્રેવલની ગ્રાન્ટમાંથી કરવાના થતા વિકાસના કામો અંગેના ધારા-ધોરણો નક્કી કરવામાં આવેલ છે. તા.૧૫-૯-૨૦૧૬ના ઠરાવના ફકરા ક્રમાંક – ૩ થી નક્કી કરેલ ધારા-ધોરણોના સંદર્ભમાં ગ્રાન્ટ ફાળવણીમાં સરળીકરણ કરવા માટે ઠરાવમાં જરૂરી સુધારો કરવા કમિશ્નરશ્રી, ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ દ્વારા ઉપર વંચાણે લીધેલ ક્રમાંક – (૨) પરના પત્રથી દરખાસ્ત કરેલ હતી. આ દરખાસ્ત પરત્વે ઉક્ત વંચાણે લીધા ક્રમાંક – (૩) પરના પત્રથી વિકાસ કમિશ્નરશ્રીએ દરખાસ્ત રજૂ કરેલ હતી. જે રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી.

**સુધારા ઠરાવ –**

કમિશ્નરશ્રી, ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજની દરખાસ્ત તથા તે અન્વયે વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્યના અભિપ્રાયને ધ્યાને લઈ પુખ્ત વિચારણાને અંતે રાજ્ય સરકાર દ્વારા ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમાંક-(૧) પરના તા.૧૫/૦૯/૨૦૧૬ના ઠરાવના ફકરા ક્રમાંક - ૩ ને રદ કરીને તેના સ્થાને નવેસરથી ફકરા ક્રમાંક – ૩ નીચે મુજબ રાખવાનું આથી ઠરાવવામાં આવે છે.

**૩. રેતી, કંકર અને ગ્રેવલની ગ્રાન્ટમાંથી કરવાના થતા વિકાસના કામો અંગેના નકકી કરેલ ધારા-ધોરણો.**

૧) આ અંગેની ગ્રાન્ટ ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશ્નરશ્રીની કચેરીને હવાલે મુકશે અને ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશ્નરશ્રીની કચેરી દ્વારા સંબંધિત જિલ્લા પંચાયતોને ફાળવણી કરવામાં આવશે. આ અંગેના હિસાબો સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ અલગ રીતે નિભાવવાના રહેશે.

૨) રેતી, કંકર અને ગ્રેવલની ગ્રાન્ટ સંબંધે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૫/૮/૯૪ના ઠરાવથી ઠરાવ્યા પ્રમાણે નીચે મુજબના ધારાધોરણો મુજબ રોયલ્ટીની રકમ જિલ્લા વિકાસ અધિકારીના હવાલે ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશ્નરશ્રીની કચેરી દ્વારા મુકવામાં આવશે.

૨.૧) રેતી, કંકર અને ગ્રેવલની પરમીટ/ક્વોરી લીઝ આપવાના પરિણામે જે તે પંચાયતોના વિસ્તારોમાંથી થતી રોયલ્ટી તથા ડેડરેન્ટની જે આવક સરકારશ્રીને થશે તેમાંથી ૫ ટકા વહીવટી ખર્ચ તરીકે કાપી લઇ બાકીની રકમ ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશ્નરશ્રીની કચેરી દ્વારા અનુદાનના રૂપમાં જિલ્લા પંચાયતોને ફાળવવામાં આવશે. સંબંધિત જિલ્લા પંચાયતોએ ૫૦ ટકા રકમ તેના પુર નિયંત્રણ ભંડોળમાં જમા લેવાની રહેશે અને બાકીની ૫૦ ટકા રકમ જિલ્લા પંચાયત દ્વારા જે ગ્રામ પંચાયતોના વિસ્તારમાં રેતી, કંકર અને ગ્રેવલ ખનિજની રોયલ્ટીની આવક થઇ હોય તે સંબંધિત ગ્રામ પંચાયતને ફાળવવાની રહેશે.

૨.૨) રેતી, કંકર અને ગ્રેવલ જે ગામમાંથી મળી હોય તે ગામના રસ્તા તેમજ નદીના કિનારાને ટ્રક, લારી વિગેરેને અવરજવરથી નુકશાન થાય છે. તેમજ નદીના કિનારા પાસેથી રેતી કાઢવાથી પુર પ્રસંગે પાણીનું વહેણ બદલાવાનો ભય રહે છે. તેમજ ગામની હસ્તી પણ જોખમાય છે માટે ગામના રક્ષણ માટે તેમજ રસ્તા માટે આ પુર નિયંત્રણ ભંડોળમાંથી નાણાં ફાળવવાની પ્રથમ અગ્રતા આપવાની રહેશે. બીજી અગ્રતા આ અનુદાનની રકમ પંચાયતો આ ઠરાવથી નક્કી કરેલ કામોમાં વાપરી શકશે.

૩) **અન્ય ધોરણો**

૩.૧) રોયલ્ટી અને ડેડરેન્ટની આવકની સામે ગ્રાન્ટ ફાળવણી માટે ગત વર્ષની આવકની ગણતરીના આધારે તે પછીના વર્ષે ગ્રાન્ટની ફાળવણી કરવાની રહેશે. દા.ત. વર્ષ ૨૦૧૬-૧૭માં ગ્રાન્ટની ફાળવણી કરવા માટે સને ૨૦૧૫-૧૬ના વર્ષમાં થયેલ રોયલ્ટી તથા ડેડરેન્ટની આવકના પ્રમાણમાં ફાળવણી કરવાની રહેશે. જે માટે વર્ષ ૨૦૧૪-૧૫ સુધીના યુ.ટી.સી. (ગ્રાન્ટ વપરાશના પ્રમાણપત્ર) ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશ્નરશ્રીની કચેરીને સંબંધિત જિલ્લા પંચાયતે મોકલવાના રહેશે.

3.2) આ રકમ નાણાં વિભાગ દ્વારા ફાળવવામાં આવતી ઉપલબ્ધ ગ્રાન્ટના પ્રમાણમાં જિલ્લા પંચાયતોને ફાળવવાની રહેશે.

3.3) આ ગ્રાન્ટ વિકાસના કામો માટે આપવામાં આવતી હોઇ તે જ હેતુ માટે આ ગ્રાન્ટનો વપરાશ કરવાનો રહેશે. જેનો હેતુફેર કરી શકાશે નહી.

3.4) વિકાસના કામોના આયોજન સબંધે દુર્ગમ વિસ્તારની ગ્રામ પંચાયતોને અગ્રીમતા આપવાની રહેશે.

3.5) જે ગ્રામ પંચાયત વિસ્તારમાં વિકાસનું કોઇ કામ થયેલ ન હોય તેવી પંચાયતોને અગ્રીમતા આપવાની રહેશે.

3.6) કામોની વહીવટી મંજુરી આપવાની સત્તા પંચાયતની સામાન્ય સભાને જ રહેશે.

3.7) આ ગ્રાન્ટમાંથી જે હેતુ માટે ગ્રાન્ટ આપવામાં આવે તે જ હેતુ માટે ગ્રાન્ટનો ઉપયોગ કરવાનો રહેશે.

3.8) વિકાસના કામો અંગે ગુજરાત પંચાયત અધિનિયમની કલમ-૨૪૧ હેઠળ બનાવેલા નિયમો મુજબ વિકાસના કામોની તાંત્રિક મંજુરી સક્ષમ સત્તાધિકારીની ફરજીયાત મેળવવાની રહેશે.

૪) <u>ખનિજો પરની આવક અંગેના પત્રકો</u>

૪.૧) આ અંગે મદદનીશ નિયામકશ્રી/મદદનીશ ભુસ્તરશાસ્ત્રી/ભુસ્તરશાસ્ત્રીએ સંબંધિત જિલ્લાની રેતી, કંકર અને ગ્રેવલની રોયલ્ટીની આવક અંગેના પત્રકો તૈયાર કરી ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશ્નરશ્રીની કચેરીને મોકલવાના રહેશે. તેમાં મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં વસુલ કરાયેલ રોયલ્ટી/ડેડરેન્ટનો સમાવેશ કરવાનો રહેશે નહી.

૫) <u>અનુદાનની રકમ છુટી કરવાની કાર્ય-પધ્ધતિ અને ખર્ચ પર નિયંત્રણ</u>

૫.૧) જિલ્લા પંચાયતોને ફાળે આવતી ૫૦ ટકા રકમ તેમના સ્વભંડોળમાં પુર નિયંત્રણ ભંડોળના વિગતવાર સદરે જમા કરવાની રહેશે અને સદરહુ રકમ પી.એલ.એ.માં રાખવાની રહેશે.

૫.૨) આ ફાળવેલ ગ્રાન્ટનો જિલ્લા પંચાયતો બરાબર ઉપયોગ કરે છે કે નહીં અને સમયસર ઉપયોગ કરે છે કે નહીં તે બાબતનું આંતરિક અન્વેષણ જિલ્લા વિકાસ અધિકારી તરફથી નિયમિત રીતે કરવાનું રહેશે.

૫.૩) આ ફાળવેલ ગ્રાન્ટની રકમ અને તેમાંથી થનાર ખર્ચના હિસાબો લોકલ ફંડ હિસાબની કચેરી તપાસશે અને આ ફંડનું બરાબર નિયંત્રણ કરવાની જવાબદારી જિલ્લા પંચાયતોની રહેશે.

૫.૪) જિલ્લા વિકાસ અધિકારીએ વિકાસ કમિશ્નરશ્રીને એવું પ્રમાણપત્ર આપવાનું રહેશે કે જિલ્લા પંચાયતોએ નિદર્શિત કામો માટે જ પોતાની વિવેક બુધ્ધિથી તેમને મળેલ અનુદાનની રકમ ફાળવી આપવામાં આવેલ છે.

૫.૫) જિલ્લા પંચાયતોએ આ બાબતે સરકારશ્રીની વખતોવખતની સૂચનાઓનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

૫.૬) ફાળવેલ ગ્રાન્ટમાંથી કરવામાં આવતાં કામો, ડિસ્ટ્રીક્ટ મિનરલ ફાઉન્ડેશન કે અન્ય કોઇ યોજના હેઠળના કામો સાથે બેવડાય નહિ તે સુનિશ્ચિત કરવાનુ રહેશે.

૨. વંચાણે લીધેલ ક્રમાંક – (૧) પરના આ વિભાગના તા.૧૫/૦૯/૨૦૧૬ના સમાનાંકી ઠરાવની અન્ય શરતો અને જોગવાઇઓ યથાવત રહેશે.

૩. આ સુધારા ઠરાવ આ વિભાગની સમાનાંકી ફાઇલ પર ઉદ્યોગ અને ખાણ વિભાગની તા.૦૨/૦૨/૨૦૧૮, નાણાં વિભાગની તા.૧૫/૦૨/૨૦૧૮ તથા સરકારશ્રીની તા.૧૫/૦૨/૨૦૧૮ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

(વનરાજસિંહ પઢારીયા)
સરકારના નાયબ સચિવ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- તમામ મંત્રીશ્રીઓ/તમામ રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (નાણાં)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(પંચાયત)(સ્વતંત્ર હવાલો)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી/ સચિવશ્રી, સચિવાલયના સર્વે વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(પંચાયત), પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(આયોજન), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, ભુસ્તર વિજ્ઞાન અને ખનીજ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી (પંચાયત), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે કલેક્ટરશ્રીઓ
- સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ / અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી,અમદાવાદ/ગાંધીનગર.
- બજેટ શાખા, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ,સચિવાલય, ગાંધીનગર. (ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવાની કાર્યવાહી અર્થે)
- શાખા સિલેક્ટ ફાઇલ. (૨ નકલ) / નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઇલ.